# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૮/૦૭/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ–** **સમાચાર યાદી નં.૧૦૪૩/૨૦૨૫**

ગોમતીપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૭૬/૨૦૧૨ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા સેસન્સ કેસ નંબર ૨૭૬/૨૦૨૫ મુજબના ગુનાના કામે આરોપી પુષ્પેન્દ્રસિંગ ઉર્ફે કલુઆ ઉર્ફે કાલુ સ/ઓ શિવરામસિંગ જાટવ ઉ.વ.૨૬/૨૦૧૨ (રહે.રબારી વાસ, પાલડી પોલીસ સ્ટેશન સામે, અંજલી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી ડી.એ.વોરા સાહેબ, કોર્ટ નં.૦૩, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૦૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૬૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૪૬,૨૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૦૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૧૦૪૬/૨૦૨૫**

**સોલા હાઇકોર્ટઃ** સેજલબહેન વા/ઓ જતીનભાઈ પટેલ (રહે.ગણેશધામ બંગ્લોઝ, સોલા સીવીલ સામે, ઘાટલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૭/૨૦૨૫ રાતના ૯/૩૦ થી તા.૨૭/૦૭/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોલા મહીન્દ્રા શો–રૂમ પાછળ વ્રજ વેલેસીયા કોમ્પ્લેક્ષમાં આવેલ “સન સ્પોર્ટસ એન્ડ ફીટનેસ” નામની સેજલબહેનની દુકાનનું તાળું તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૧,૮૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**નારોલઃ** રતિલાલ ડાહ્યાલાલ સોલંકી (રહે.જનતાનગર સત્યમનગર સામે શાહવાડી નારોલ) એ તા.૨૭/૦૭/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૭/૨૦૨૫ રાતના ૧૦/૦૦ થી તા.૨૫/૦૭/૨૦૨૫ ના કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦૦૦/– મળી કુલ રૂપિયા ૭૨,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.સાંબડ ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ–** **સમાચાર ચાદી નં.૧૦૪૭/૨૦૨૫**

**આનંદનગરઃ** સુરેશકુમાર ચેહરાજી ઠાકોર (ઉ.વ.૩૯)(રહે. વેરાઇમાતાનો વાડો, સરકારી ચાવડી સામે વેજલપુર) તા.૨૭/૦૭/૨૦૨૫ સવારના ૮/૪૦ વાગ્યા પહેલા સરખેજથી ગાંધીગ્રામ વચ્ચે રેલવે પોલ નંબર–૧૯૦૭ થી ૧૯૦૮ વચ્ચે સાલપુરા ફાટક પાસે રેલવે ટ્રેક ઉપર ટ્રેઇનની અડફેડે આવી જતાં ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ ગાભાભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર ચાદી નં.૧૦૪૮/૨૦૨૫**

**મણીનગરઃ** રાહુલ મફતભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૨)(રહે. હરેકૃષ્ણ એપાર્ટમેન્ટ બળીયાદેવ મંદિર પાસે મણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૭/૨૦૨૫ રાતના ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી